
## આપની આજ

નરેન્દ્ર શાહ

(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ કર્ક**

**આજના ગ્રહોની કુંડળી**




**બપોરે બે કલાકે ચંદ્ર કર્ક રાશિમાં પ્રવેશ કરશે. જે સ્વગૃહી થતો હોઈ ઉચ્ચ તો થશે અને સૂર્ય સામે આવતો હોઈ પૂર્ણિમા યોગ થાય છે.**

**મેષ** આઠમે શનિ - અઢી વર્ષની પનોતી ચાલે છે - શનિદેવ - હનુમાનજીની પૂજા ભક્તિ કરવાથી કષ્ટ ઓછાં પડે છે અને તંદુરસ્તી જળવાઈ રહે છે.

**વૃષભ** ત્રીજે ચંદ્ર ઉત્તમ ભાગ્ય યોગ કરે છે - લેણું પરત આવે. દિવસ આનંદમાં પસાર થાય. સારું કૌટુંબિક વાતાવરણ રહે - સંતાનોથી સુખ મળે - બોલવામાં ધ્યાન રાખવું.

**મિથુન** આઠમા સૂર્યની તેજ અસરો બીજે ચંદ્ર આવતાં ઓછી છશે. લાભ થાય. તંદુરસ્તી જળવાશે. નાનકડું સાહસ કરાવે જે સફળતા આપે.

**કર્ક** સ્વગૃહી ચંદ્રના કારણે પૂર્ણિમા યોગથી આત્મબળ મજબૂત બનશે. પત્ની સાથે સારું બનશે મતભેદ ઘટશે. ચોથે મંગળ થોડો ગુસ્સો કરાવે - શાંતિ રાખવી.

**સિંહ** ચોથી શનિની અઢી વર્ષની પનોતીમાં શનિદેવ - હનુમાનજીની પુજા - ભક્તિ કરશો તો રાહત રહેશે. તંદુરસ્તી જળવાઈ રહેશે.

**કન્યા** અગિયારમે ચંદ્ર આકસ્મિક ધનયોગ ઊભો કરે છે. વ્યવસાયમાં ધનલાભ થાય. રાશિમાંનો રાહુ હવે બદલાઈને બારમે જશે તેથી ત્રીસમી પછીથી ધ્યાન રાખવાનું રહેશે.

**તુલા** શનિની સાડાસાતીનો અંતિમ તબક્કો ઉતરતી સાડાસાતી એકાદ આર્થિક લાભ અપાવી જાય. શનિદેવ - હનુમાનજીની ભક્તિ કરવી.

**વૃશ્ચિક** શનિની સાડાસાતીનો મધ્ય તબક્કો - શનિદેવ - હનુમાનજીની તથા ઈષ્ટ દેવની પૂજા કરવાથી શારીરિક કષ્ટ ઓછું થશે.

**ધન** શનિની સાડાસાતીનો પ્રારંભિક તબક્કો - શનિદેવ - હનુમાનજીની તથા ઈષ્ટદેવની પૂજા કરવાથી ખર્ચા ઓછા થશે - કાળજી રાખવી.

**મકર** સૂર્ય - ચંદ્ર સામસામે આવતાં ડરપોકપણાની મનોવૃત્તિ દૂર થશે. લગ્નજીવન સારું વીતશે. બારમે બુધ અવિચારી સાહસ ન કરાવે તેની કાળજી રાખવી.

**કુંભ** છઠ્ઠે ચંદ્ર શત્રુઓને નબળા અને ડરપોક બનાવે - મિત્રોથી લાભ - આવેલ ચિંતા ધીરે ધીરે દૂર થશે. કૌટુંબિક વાદ-વિવાદ શાંત થશે. વ્યવસાયિક લાભ મળે.

**મીન** દસમે વક્રી બુધ તેમજ સાતમે રાહુ શેરબજારમાં આકસ્મિક ખોટ થાય. વ્યાપારમાં પણ ધ્યાન રાખવું - ખોટના સંજોગો છે.

### અંધારપટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચોરીની દહેશત પ્રવર્તી છે. કોલેજ સંકુલમાં છેલ્લા ચાર મહીનાથી સ્ટ્રીટ લાઈટના થાંભલા બંધ હાલતમાં છે. સાંજ ઢળતા જ સંકુલમાં ઘોર અંધારૂ છવાઈ જાય છે. સંકુલમાં અગાઉ પણ લાઈટો ડુલ થતા પાટનગર યોજના વિભાગના ઈલેક્ટ્રીક ડિવિઝનને જાણ કરવામાં આવી હતી. જો કે થોડા સમયમાં જ લાઈટો ડુલ થતા અંધારપટ્ટ છવાઈ ગયો હતો. હાલ પણ કોલેજના સંકુલમાં લાઈટો ડુલ રહેતા સાંજ ઢળતા જ ભયજનક સ્થિતિનુ નિર્માણ થાય છે. આ મામલે કોલેજ કક્ષાએથી વિભાગમાં અનેકવાર રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાયા નથી. બીજીતરફ કેબલ ફોલ્ટના લીધે સમસ્યા ઉદભવી હોવાનુ મનાઈ રહયુ છે. જયારે આ મામલે જાળવણીનુ કામ સંભાળતી જવાબદાર એજન્સીને પણ આ ફરિયાદના નિરાકરણમાં રસ નથી. જયારે તંત્ર દ્વારા પણ જવાબદાર એજન્સીની સામે પગલા લેવાતા નથી.આવા સંજોગોમાં શહેરની મુખ્ય સરકારી કોમર્સ કોલેજમાં સ્ટ્રીટ લાઈટની સમસ્યા પેચીદી બની છે. કોલેજમાં અનેક આધુનિક ઉપકરણોના અસ્તિત્વ સામે પણ ખતરો મંડરાયો છે. રાત્રિના અંધારામાં ગમે ત્યારે ચોરઈસમો તકનો લાભ ઉઠાવી હાથફેરો કરી લે તેવી દહેશત વચ્ચે કોલેજના સંચાલકો પણ ચિંતા સેવી રહયા છે.

### વિરોધ કર્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સામાન્ય સભામાં સમિતિઓની રચનાનો મુદો હોવાથી કોંગ્રેસના સમર્થકો પણ મોટી સંખ્યામાં હાજર હતા અને બનેલી ઘટના અંગે દુ:ખ વ્યક્ત કરતા નજરે પડતા હતા.

જો કે કોંગ્રેસી આગેવાનોએ સભ્યોમાં ગેરસમજ હોવાથી સ્થિતિ બગડ્યાનો આડકતરો એકરાર કર્યો હતો અને જણાવ્યું હતું કે સભા મોકુફ કરાયા બાદ અમે પુન: બોલાવવા સચિવને કહ્યુ હતુ પરંતુ સરકારના ઈશારે તેમ કરવાનું તેમણે ટાળ્યુ હોવાનો આક્ષેપ કર્યો હતો.

પંચાયતધારામાં મોકુફ કરાયેલ સભાનો અર્થ મુલ્તવી રાખવુ તેમ કરાયો હોવાથી અધિકારીઓ પણ તેમની કામગીરીમાં પુન: વ્યસ્ત થઈ ગયા હતા. હવે સામાન્ય સભા ૨૯મી જાન્યુઆરીએ ફરીથી બોલાવવા માટે પ્રમુખશ્રીના કાર્યાલયે દરખાસ્ત કરી દીધી હોવાનું જાણવા મળેલ છે. જોકે કેટલાક લોકો હવે ૪ ફેબ્રુઆરીના રોજ મળશે તેવી વાતો કરતા પણ નજરે પડ્યા હતા.

### સાહિત્યવૃત્ત ● ૪ પાનાનું ચાલુ...

દધિ બિંદુ -

કૂતરાનું ભસવાનું ધ્યાને ન લેતાં, તેની વફાદારી અને સ્વામીભક્તિના ઉમદા ગુણોને જીવનમાં વણીએ.

દધિ હાઈકુ -

(૧)
કાયરતામા
ન ખપાવો, અન્યની
ઉદારતાને!

(૨)
ઝળહળે છે
ભક્તિ તેજ લકીરે
જીવનસંધ્યા!


(૩)
પતંગ ચગે
લઈ દોરી આધાર
ખુલ્લા આકાશે!

(૪)
મોંઘી છે મૂડી
દિન પ્રજાસત્તાક,
આનંદો સર્વે!

(૫)
છે ગણતંત્ર
દિન આપણો મોંઘો
તંત્ર ગણે તો!

(૬)
હૃદય-ફેફસાં
પરસ્પર નિર્ભરે,
ધડકે બંને!

- muljibhaidadhi@gmail.com



માઘ સ્નાન : એસ. જી. હાઈવે પર એસજીવીપી ગુરુકુલ ખાતે વિદ્યાર્થીઓને માઘ સ્નાન કરાવાય છે. પોષ મહિનાની પુનમ પૂર્વે રાતભર ઠંડીમાં માટીના માટલામાં પાણી બહાર મુકવામાં આવે અને પ્રાતઃકાલે એ ઠંડા પાણીથી સ્નાન કરવાની વિધિને માઘ સ્નાન કહેવાય છે. પ્રતિ વર્ષ ગુરુકુલ ખાતે બાળકોને સંસ્કૃતિના ભાગરૂપે માઘ સ્નાનની વિધિ કરાવાય છે.

# હિંમતનગરના કાંકણોલ પાસેથી સૂકા વાંટડાના યુવકનો મૃતદેહ મળ્યો

હિંમતનગર, તા. ૨૨

હિંમતનગરના કાંકણોલ પાસેથી ગુરૂવારે સાંજના સુમારે ધનસુરા તાલુકાના સૂકાવાંટડા ગામના એક અપરિણીત યુવકનો બાઈક સાથે મૃતદેહ મળી આવ્યો હતો. ત્યારબાદ એ-ડીવીઝન પોલીસે ઘટનાસ્થળે જઈ મૃતદેહને કબજે લીધા બાદ અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ત્યારે મૃતદેહનો ભેદ ઉકેલવા માટે પોલીસ રહસ્યના જાળા વીંધી રહી છે. જોકે આ સંદર્ભે એક પરિણીત યુવતીની અટકાયત કરાઈ છે.

આ અંગે એ-ડીવીઝનના ઈન્ચાર્જ પી.આઈ. સોમભાઈ પટેલના જણાવાયા મુજબ ગુરૂવારે બપોર બાદ કાંકણોલ પાસેથી એક યુવકની બાઈક સાથે મૃતદેહ પડ્યો હોવાનું ભિલોડા તાલુકાના ધુલેટાપાલ્લા ખાતે રહેતી પરિણીતા કૈલાસબેન પ્રકાશભાઈ ડામોરે જણાવતા તરત જ પોલીસો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ત્યારબાદ બાવળના ઝુંડમાં પડેલી યુવકનો મૃતદેહ મોઢા પર કપડું બાંધેલુ જણાયું હતું. જોકે તેની ડાબી આંખના ખૂણા પર ઘા થયેલો હોવાનું માલુમ પડ્યું હતું. તેમજ કાનમાંથી પણ લોહી વહી રહ્યું હતું.

ત્યારબાદ પોલીસે મૃતકની ઓળખ કરવા માટે તેની પાસેથી મળી આવેલ બાઈક નં. જીજે.૦૯. એઆર.૪૩૩૮ ના આધારે તપાસ કરતા મૃતક ધનસુરા તાલુકાના સૂકાવાંટડા ગામનો મુકેશ મણીલાલ ખાંટ (ઉં.વ.૨૫) હોવાનું જાણવા મળ્યું હતું. બીજી તરફ ગુરૂવારે કૈલાસબેન પ્રકાશભાઈ ડામોર પતિ અને પુત્ર સાથે કામ અર્થે હિંમતનગર આવી હતી. ત્યારે કૈલાસબેનના કહેવા મુજબ ધરમના ભાઈ માનેલ પુરણ નામના યુવકને પ્રકાશભાઈ ડામોરે જાણ કરતા પુરણ આવ્યો હતો.

બીજી તરફ પુરણે કૈલાસબેનને પોતાના બાઈક પર બેસાડી કાંકણોલ તરફ લઈ જઈ યુવકનો મૃતદેહ બતાવ્યો હતો. જેથી તેણીએ બૂમાબૂમ કરતા ગ્રામજનો ભેગા થઈ ગયા હતા. ત્યારબાદ ગાંભોઈ પોલીસને જાણ કરાયા બાદ પોલીસે તરત જ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ઈન્ચાર્જ પી.આઈ. સોમભાઈ પટેલને વાકેફ કર્યા હતા. જેથી પોલીસ આવી કૈલાસબેનની અટક કરી અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. દરમિયાન પોલીસે એફએસએલ અને ડોગ સ્કવોર્ડની મદદથી યુવકના મોતનો ભેદ ઉકેલવા તેનો મૃતદેહ હિંમતનગરમાં લાવી પેનલ ડૉક્ટર મારફતે શુક્રવારે પી.એમ. કરવાનું નક્કી કર્યું છે.

### મતદારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગર(ઉ)માં નોંધાયેલા મતદારોની સંખ્યા ૨,૨૩,૬૮૫ છે. જેમાં ૧,૧૫,૬૬૭ પુરૂષ અને ૧,૦૮,૦૧૩ મહિલા મતદારો છે. માણસામાં નોંધાયેલ મતદારોની સંખ્યા ૨,૦૬,૯૦૯ છે. જેમાં ૧,૦૬,૯૬૦ પુરૂષ અને ૯૯,૯૪૯ મહિલા મતદારો છે.

કલોલ વિધાનસભા મતદાર વિભાગમાં ૨,૧૮,૩૬૫ મતદારો નોંધાયેલા છે. જેમાં ૧,૧૩,૧૭૭ પુરૂષ અને ૧,૦૫,૧૮૬ મહિલા મતદારો છે. દહેગામમાં ૧,૯૨,૬૪૯ નોધાયેલા મતદારો છે જેમાં ૯૯,૫૩૦ પુરૂષ અને ૯૩,૧૧૪ મહિલા મતદારો છે.

ગાંધીનગર જિલ્લામાં છેલ્લી મતદારયાદી અર્થાત્ ૧-૧-૨૦૧૫ની સ્થિતિએ નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૦,૮૮,૨૫૬ હતી. આમ છેલ્લા એક વર્ષમાં ૩૫,૧૯૭ નવા મતદારો નોંધાયા છે. મહિલા મતદારોની સંખ્યામાં આ વર્ષે સારો એવો વધારો થવા પામ્યો છે.

મતદારયાદીની સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ ડિસેમ્બર માસ દરમ્યાન હાથ ધરવામાં આવી હતી. આજે ચૂંટણીપંચે ૧-૧-૧૬ની સ્થિતિએ રાજ્યના નોંધાયેલા મતદારોની યાદી પ્રસિદ્ધ કરી છે.

આગામી ૨૫મીએ મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવનાર છે તે પણ ઉલ્લેખનીય છે. જિલ્લામાં મતદારો અને વિસ્તારની દષ્ટિએ સૌથી મોટો વિસ્તાર ગાંધીનગર(દ) બને છે. જિલ્લામાં પોલીંગ સ્ટેશનની સંખ્યા ૧૧૬૨ છે.

### પ્રથમ ગ્રાસે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુલ્તવી રાખવાની જાહેરાત કરતાં ગૃહમાં સોંપો પડી ગયો હતો.

ભાજપના સભ્યો પણ ''ભારત માતા કી જય''ના નારા સાથે સભાગૃહ છોડી ગયા હતા. જોકે કોંગ્રેસની મહિલા સભ્યો તેમજ કેટલાક સભ્યો મોડે સુધી ગૃહમાં બેઠા રહ્યા હતા.

જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી દ્વારા જ પક્ષના મેન્ડેટ વિરૂદ્ધ કરાયેલ વર્તનથી નારાજ થયેલા નિરીક્ષક શ્રી લુણીએ તરતજ કડક વલમ અખત્યાર કરી અને આદેશ મુજબ જ સમિતિઓની રચના થશે તેમ સ્પષ્ટ જણાવી દીધુ હતુ.

દહેગામના સભ્યોને નહિ સમાવવામાં આવ્યાની વાત હતી અને દહેગામના કેટલાક સભ્યોના સમર્થકો જિલ્લા પ્રમુખને બદલો પછી સમિતિઓની રચના કરો તેવી વાતો કરતા પણ નજરે પડ્યા હતા.

સાંજે પાંચ વાગ્યા પછી શ્રી રામાજી ઠાકોર સહમત થયા હતા પરંતુ ત્યાં સુધી ઘણુ મોડુ થઈ ગયુ હતુ અને તેમણે સભા મોકુફીની જાહેરાત કરી હોવાથી હવે નવેસરથી જ એજન્ડા જારી કરવો પડે તેવી સ્પષ્ટતાઓ જિલ્લા વિકાસ અધિકારીના કાર્યાલય તરફથી થતાં નવી તારીખને લઈ ચર્ચાનો દોર ચાલ્યો હતો અને નવી તારીખ સાથેની દરખાસ્ત પણ જિલ્લા વિકાસ અધિકારીને મોકલી આપવામાં આવી હતી.

### અદ્ધરતાલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તબક્કાવાર મજહબુતીકરણ હાથ ધરવામાં આવ્યુ છે. શહેરમાં અંદાજિત ૧૬ હજાર જેટલા સરકારી મકાનો અસ્તિત્વ ધરાવે છે. જો કે આ પૈકી ભયજનક મકાનોની સંખ્યા પણ વિશેષ છે. જયારે નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હાલ નવા આવાસો બાંધવા માટે કામ શરૂ કરી દેવામાં આવ્યુ છે. પરંતુ મકાન મેળવવા માટે અરજદારેની પ્રતિક્ષા યાદી પણ મોટી છે. ત્યારે હાલ આવાસોની ફાળવણીના મામલે વિભાગ સમક્ષ મોટો શિરદર્દ ઉભો થયો છે. સેકટરોમાં બિનઅધિકૃત વસવાટ હોવાની અનેકવાર ફરિયાદો ઉઠવા પામે છે. જયારે આ મામલે તંત્ર દ્વારા અગાઉ પણ સર્વે હાથ ધરી બિનઅધિકૃત વસવાટ ધરાવતા કબજેદારો સામે કોર્ટ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પરંતુ હાલના સંજોગોમાં પણ સેકટરોના સરકારી આવાસોમાં ગેરકાયદેસર વસવાટ હોવાનુ ચર્ચા સ્થાને છે. થોડા સમય અગાઉ તંત્ર દ્વારા આ મામલે સેકટરોની ઈન્કવાયરી કચેરીને આવાસોના ઉપયોગ તેમજ રહેણાંક અંગે સર્વે હાથ ધરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પરંતુ ચાર મહીનાના લાંબા સમયગાળાના અંતે પણ સર્વેનુ કામ પુર્ણ થયુ નથી.ત્યારે ઈન્કવાયરી કચેરીને પણ સરકારી આવાસોમાં બિનઅધિકૃત વસવાટની ચકાસણી કરવામાં રસ નથી કેટલાક સેકટરોમાં ઈન્કવાયરી કચેરીની રહેમનજર હેઠળ પેટાભાડુઆતોએ આવાસ પર કબજો જમાવ્યો હોવાનુ પણ મનાઈ રહયુ છે.

### કારગિલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અવરજવરને થોડાક સમય માટે રોકી દેવામાંઆવી હતી. દિલ્હી વિમાની મથક પર પણ વિજિબિલિટી ૫૦ મીટર કરતા ઓછી થઈ ગઈ હતી. મિડિયા અહેવાલમા ંદાવો કરવામાં આવ્યો છે કે આશરે ૧૦ વિમાની સેવાને અસર થઈ હતી. હાલમાં ઉત્તર ભારત કાતિલ ઠંડીના સકંજામાં છે. ગુરૂવારના દિવસે કારગીલામાં સિઝનની સૌથી વધારે ઠંડી નોંધાઈ હતી. કારગીલમાં તાપમાન માઈનસ ૧૬.૪ ડિગ્રી સુધી નીચે પહોંચી ગયુ હતુ. રાજ્યના અન્ય ભાગોમાં પણ માઈનસમાં તાપમાન રહ્યુ હતુ. મેદાની ભાગો રાજસ્થાન, પંજાબ અને હરિયાણાંમાં પણ આવી જ સ્થિતી રહી હતી અને તાપમાનમાં ઘટાડો રહ્યો હતો.

### ભાવુક બન્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કારણો કંઈપણ હશે. તેની આસપાસ રાજનીતિ હશે પરંતુ વાસ્તવિકતા એ છે કે, એક માતાએ તેના પુત્રને ગુમાવી દીધો છે. આ દુખને તેઓ ખુબ સારી રીતે સમજે છે. બીઆર આંબેડકર યુનિવર્સિટીના કન્વોકેશન કાર્યક્રમમાં ચીફ ગેસ્ટ તરીકે રહેલા મોદીએ આ મુદ્દો ઉઠાવ્યો હતો. બે વિદ્યાર્થીઓ દ્વારા અહીં પણ દેખાવો કરાયા હતા. ત્યારબાદ તેમને પોલીસે બહાર કાઢ્યા હતા. આ વિદ્યાર્થીઓએ મોદી ગો બેક, મોદી ગો બેક, મોદી મુર્દાબાદ જેવા સૂત્રોચ્ચાર કર્યા હતા.

# હાર્દિક રાજદ્રોહ કેસનો સાક્ષી આખરે ખસી જતાં તર્કવિતર્કો

## સમાધાનની દિશામાં પહેલ હોય તેવી શક્યતા : બે મહિનાથી રાજદ્રોહ કેસના સાક્ષી ગઢવીને સમજાવવાના પ્રયાસ ચાલતા હતા : વાસ્તવિકતાના ખ્યાલ બાદ નિર્ણય

ગાંધીનગર, તા.૨૨

હાર્દિક પટેલ રાજદ્રોહ કેસના મુખ્ય સાક્ષી નરેન્દ્ર ગઢવી આ કેસમાંથી અંતે ખસી ગયા છે. નરેન્દ્ર ગઢવી ખસી જતાં સમાધાનની પ્રક્રિયા વધુ ઝડપી બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. હાર્દિક અને સરકાર વચ્ચે સમાધાનની વાતચીત પહેલાથી જ શરૂ થઈ ચુકી છે. છેલ્લા બે મહિનાથી નરેન્દ્ર ગઢવીને સમજાવવાના પ્રયાસ થઈ રહ્યા હતા. પાટીદાર સમાજ માટે અનામત આંદોલનના મહત્વ અંગે પણ વાત થઈ હતી. ગાંધીધામના નરેન્દ્ર ગઢવીએ જણાવ્યું છે કે છેલ્લે બે મહિના દરમિયાન એસપીજીના લાલજી પટેલ, વરુણ પટેલ તેમજ અન્ય આંદોલનકારીઓ દ્વારા આંદોલન માટેની ખરી જરૂરિયાત તેમજ વાસ્તવિકતા સમજાવવાનો પ્રયાસ થઈ રહ્યો હતો. આ દરમિયાન મેં પાટીદાર સમાજનો સરવે કર્યો હતો. જેના અંતે વાસ્તવિકતાનો ખ્યાલ આવતા મેં આ નિર્ણય લીધો છે. ગઢવીએ આધારે માહિતી આપતા જણાવ્યું કે મેં હાર્દિક પટેલ સામે રાજદ્રોહની ફરિયાદ નોંધાવી હતી કારણ કે મને એમ લાગ્યુ હતું કે હાર્દિક પટેલ ફક્ત પોતાના વ્યક્તિગત સ્વાર્થ માટે પાટીદાર સમાજનો ઉપયોગ કરી રહ્યો છે. તેના કારણે ઊભા થયેલા આંદોલનથી રાજયની સંપત્તિને તેમજ સામાજિક સૌહાર્દને નુકસાન પહોંચ્યું છે. પરંતુ જ્યારે મેં જાતે રાજયમાં પાટીદાર સમાજની આર્થિક તેમજ અન્ય બાબતોનો અભ્યાસ કરતો સરવે કર્યો તો મને એમ લાગ્યુ કે હાર્દિક પટેલ ફક્ત પોતાના સ્વાર્થ માટે જ આંદોલન કરતો હોય તેમ નથી પરંતુ પાટીદાર સમાજમાં પણ અનામતની જરૂરિયાત ધરાવતા અસંખ્ય લોકો અને પરિવારો છે. આ ઉપરાંત ૨ દિવસ પહેલા લાલજી પટેલે જાહેરાત કરી હતી કે આરક્ષિત વર્ગ માટેની ૪૯ ટકા અનામતમાંથી પાટીદારો કે સવર્ણોને ૧ ટકો પણ જોઈતો નથી. આથી મારી પાટીદારોની માંગણી પ્રત્યેની તેમજ હાર્દિક પ્રત્યેની માન્યતામાં બદલાવ આવ્યો છે.



સરખેજ રોજા પાસે મુસ્લિમ સમાજના સમુહ લગ્ન કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

# મેમુ ટ્રેનમાં મુસાફરોને શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરવા માંગ

અમદાવાદ, તા.૨૨

કાલુપુર રેલવે સ્ટેશનથી નિયમિત હજારો મુસાફરો મેમુ (લોકલ) ટ્રેનમાં આવન જાવન કરે છે જે નિયમિત કાલુપુરથી સવારે ૮.૩૦ કલાકે ઉપડે છે અને આણંદ ૧૦.૨૦ કલાકે તથા સુરત લગભગ ૩.૦૦ કલાકે પહોંચાડે છે. એટલે કે લગભગ બે થી પાંચ કલાક મુસાફરો ટ્રેનમાં નિયમિત અમદાવાદ-આણંદ, અમદાવાદ-વડોદરા તથા અમદાવાદ-ભરૂચ અપ ડાઉન કરે છે.

મહદઅંશે મેમુ ટ્રેન મુસાફરોથી ઉભરાતી હોય છે એનું કારણ તે લોકલ ટ્રેન હોવાથી ટ્રેનની ટિકીટના દર સસ્તા છે તથા તેમાં એકસપ્રેસ કે સુપર ફાસ્ટ ટ્રેનની જેમ એડવાન્સ બુકીંગ કરાવવાની જરૂર રહેતી નથી એટલે મોટે ભાગે નિયમિત સર્વિસ કરતાં અને ગરીબ મુસાફરો વધારે મુસાફરી કરે છે.

આમ નિયમિત રોજના બે થી પાંચ કલાક મુસાફરી કરતાંમુસાફરોમાટે મેમુ ટ્રેનમાં શૌચાલયની વ્યવસ્થા નથી, હા એ ટ્રેન લોકલ હોવાથી લગભગ વચ્ચે આવતા બધા જ સ્ટેશન ઉપર ઉભી રહે છે પરંતુ માત્ર ૨ થી ૩ મિનિટ માટે જ જેથી શૌચાલય માટે જવા ટ્રેનમાંથી નીચે ઉતરી શકાતું નથી. વળી મેમુ ટ્રેન લોકલ હોવાથી તેમાં નિયમિત સર્વિસ કરતાં મુસાફરો ઉપરાંત બાળકો તથા વૃદ્ધો પણ મુસાફરી કરતાં હોવાથી ટ્રેનમાં શૌચાલયની સુવિધા ન હોવાથી મુસાફરોને ખુબ જ મુશ્કેલી પડે છે. જેથી સત્વરે મેમુ ટ્રેનમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરવા મુસાફરોની માંગ છે.

જયારે આપણે અમદાવાદ, ગાંધીનગર ને સ્માર્ટ સીટી બનાવવાની વાત કરતા હોઈએ તથા ગામડે ગામડે શૌચાલય બાંધવા ઉપર ભાર મુકતા હોઈએ ત્યારે લોકલ ટ્રેનમાં મુસાફરી કરતાં મુસાફરોને શૌચાલયની સુવિધા તંત્રએ સત્વરે ઉપલબ્ધ કરાવવી જોઈએ કેમ કે શૌચાલયની સુવિધા એ કોઈ લકઝુરીયસ સુવિધા નથી પરંતુ એક જરૂરિયાત છે જે લોકલ ટ્રેનમાં પણ હોવી જ જોઈએ.

### હુમલાનો ખતરો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ડીર૪૪૦ ભાડે કરવામાં આવી હતી. જેના અંગે કોઈપણ માહિતી મળી શકી નથી. આ કારનો ડ્રાઈવર વિજયકુમાર મૃત હાલતમાં ૨૦મી જાન્યુઆરીના દિવસે કાંગરા જિલ્લામાં મળી આવ્યો હતો પરંતુ કાર અંગે કોઈ માહિતી મળી શકી નથી. એવું જાણી શકાયું નથી કે આ હત્યા શકમંદ ત્રાસવાદીઓ દ્વારા કરી હતી કે પછી ગુનેગાર ટોળકી દ્વારા હત્યા કરાઈ હતી. સુરક્ષા સંસ્થાઓ કોઈ તક લેવા ઈચ્છુક નથી. દેશભરમાં એલર્ટની જાહેરાત કરવામાં આવી છે અને આ બંને વાહનોની શોધખોળ ચાલી રહી છે. ધમકીના અનુસંધાનમાં દિલ્હી પોલીસે મહત્તમ એલર્ટની જાહેરાત કરી છે. પ્રજાસત્તાક દિવસ આડે ખુબ ઓછા દિવસો રહ્યા છે ત્યારે ધરપકડનો દોર ચાલી રહ્યો છે. ડઝનથી વધુ લોકોની ધરપકડ થઈ ચુકી છે.

### સમતોલન

● અનુસંધાન પહેલાનું ચાલુ

યોગ્ય રસ્તે લાવવી જોઈએ. આવી સંસ્થાઓ પ્રત્યે લોકોના મનમાં કાયમ માટે નકારાત્મક ભાવના પેદા ન થાય તેનું ધ્યાન રાખવું જોઈએ. વિપક્ષને બોલવાનો ચોક્કસ અધિકાર છે પરંતુ સરકારને પણ કામ કરવાનો રસ્તો મળવો જોઈએ આ બન્ને વચ્ચે તાલમેલ રહેવો જોઈએ. આવા પ્રસંગે અધ્યક્ષોની ભૂમિકા સૌથી મહત્વની બની રહે છે.

આ પ્રસંગે લોકસભાના અધ્યક્ષા શ્રી સુમીત્રા મહાજન, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી ગણપતસિંહ વસાવા, મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ તથા ઉપાધ્યક્ષ શ્રી આત્મારામભાઈ પરમારે વર્ષ ૨૦૦૨ થી ૨૦૧૨માં દસ વર્ષના સમયગાળામાં ગુજરાત વિધાનસભામાં થયેલ અગત્યની ચર્ચા, બજેટ ચર્ચા, અધ્યક્ષશ્રીના નિર્ણયો અંગેના 'લોકશાહીના ધબકારા' પુસ્તકનું વિમોચન પણ કર્યુ હતું.

લોકતંત્રનો પાયો સુદૃઢ કરવા અને વિશ્વમાં બેનમૂન લોકતંત્રની આપણી ગરિમા સચવાઈ રહે તે હેતુથી આવી પરિષદોના આયોજનની અનિવાર્યતા તેમણે સમજાવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, સંવિધાને આપણને સમાનતા, બંધુતાના મૂલ્યો આપ્યા છે. તેનું જતન થાય અને સદનની ચર્ચાઓ આપસી તૂ તૂ મેં મેં પુરતી સિમીત ન રહેતા રાષ્ટ્રના વિકાસની ચર્ચા-મંથનનું ફળદાયી માધ્યમ બને. લોકોની આશા-અપેક્ષાની પૂર્તિ કરનારી બની રહે તે જ લોકતંત્રની સાચી ગરીમા છે. શ્રીમતી આનંદીબહેને પરિષદને પ્રેરક સંબોધન કરતાં ભારતની સંસદના બે મહાન અધ્યક્ષ શ્રી વિઠ્ઠલભાઈ પટેલ અને સ્વાતંત્ર્ય ભારતની પ્રથમ સંસદના અધ્યક્ષ શ્રી ગણેશ વાસુદેવ માવળંકર એ સંસદીય ઈતિહાસમાં પ્રસ્થાપિત કરેલા આદર્શોની સરાહના કરી હતી.

આ કોન્ફરન્સમાં રાજ્યસભાના ઉપાધ્યક્ષ શ્રી પી.જે. કુરિયન, લોકસભાના ઉપાધ્યક્ષ શ્રી એમ. થિમ્બુદુરાઈ, જુદા જુદા રાજ્યોની વિધાનસભા-વિધાન પરિષદોના સ્પીકર્સ તેમજ પ્રિસાઈન્ડીંગ ઓફિસર્સ ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્ઘાટન સમારોહના અંતે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી આત્મારામ પરમારે સૌનું આભારદર્શન કર્યુ હતું.


**જાહેર વિજ્ઞપ્તિ**

**ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડ**

બ્લૉક નં. ૧૯૮/૪, ગ-૧ ટાઈપ, સેક્ટર-૩૦, ગાંધીનગર

**કોમ્પ્યુટર ઓપરેટર**

ઉપરોક્ત કચેરી માટે કોમ્પ્યુટર ઓપરેટર-૧, માસિક ફીક્સ પગાર રૂ. ૧૦,૦૦૦/- લેખે, ૧૧ માસના કરાર આધારીત રાખવાના થાય છે. તો ૩૦ વર્ષ સુધીની ઉંમરના બીસીએની લાયકાત ધરાવતા તેમજ બે વર્ષની કોમ્પ્યુટરને લગતી કામગીરીનો અનુભવ અથવા ડી.સી.એ.ની લાયકાત ધરાવતા તેમજ ચાર વર્ષની કોમ્પ્યુટરને લગતી કામગીરીનો અનુભવ ધરાવતા ઉમેદવારોએ તા. ૧૦/૨/૨૦૧૬ સુધીમાં અત્રે આધાર પુરાવા સાથે અરજી મોકલી આપવાની રહેશે.

ડીવીઝનલ મેનેજર

માહિતી/૨૩૯૩/૨૦૧૫-૧૬ ગુ.રા.વ.વિ.નિ.લિ., ગાંધીનગર